ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૬૦ ટકા

# હાશ, સે-૨૧ માર્કેટ આખરે ચોખ્ખુ થયું



ગાંધીનગર, તા.૭

શહેરના સેકટર-૨૧ શાકમાર્કેટ છેલ્લા ઘણા સમયથી ગંદકીમાં ગરકાવ થઈ ગયું હતું. માર્કેટમાં યોગ્ય સફાઈના અભાવે શાકભાજીના ઓટલાની આસપાસ ગંદકીના ઢગ ખડકાયેલા જોવા મળતા હતા અને અહીંથી પસાર થવુ પણ મુશ્કેલીરૂપ બન્યું હતું. ત્યારે સે-૨૧ શાકમાર્કેટની ગંદકી તાત્કાલીક અસરથી દુર કરવા, ઓટલાની આસપાસ દબાણ કરીને બેસતા અન્ય દબાણકારોને હટાવવા જયોતિ મહિલા મંડળ દ્વારા મનપાના મેયરને લેખિત રજુઆત કરવામાં આવી હતી.જેને ગંભીરતાથી લઈ તંત્રએ સવારથી જ પોતાની ટીમ કામે લગાડી દીધી હતી અને બપોર સુધીમાં તો સે-૨૧ શાકમાર્કેટ આસપાસના વિસ્તારને ચોખ્ખુચણાક બનાવી દીધુ હતું.

સેકટર-૨૧ શાકમાર્કેટમાં સવારથી સાંજ સુધી શાકભાજી ખરીદવા ગ્રાહકોની ભારે ભીડ રહેતી હોય છે ત્યારે શાકમાર્કેટમાં ચોતરફ અસહ્ય ગંદકીનું સામ્રાજય છવાઈ ગયું હતું અને વરસાદી પાણી માર્કેટની આજુબાજુ ભરાઈ રહેતા નાગરીકોના આરોગ્ય પર પણ જોખમી તલવાર લટકતી હતી. ખદબદતી ગંદકી ઓછી હોય તેમ વેપારીઓ દ્વારા તેમા કચરો ફેંકવામાં આવતો હતો. જેને પગલે મચ્છરોનું ઉત્પતિ સ્થાન પણ આ કચરાના ઢગ બની ગયા હતા. આ કચરાના ઢગ વચ્ચે ગૃહિણીઓને ક્યાં ચાલવુ તે મુખ્ય પ્રશ્ન હતો. ત્યાં ઓટલાની આસપાસ અન્ય વેપારીઓ પણ પાથરણા પાથરી બેસી જતા ચાલવાની પણ જગ્યા રહેતી નથી. ત્યારે છેલ્લા ઘણા સમયથી સે-૨૧ શાકમાર્કેટમાં ગંદકી અને દબાણનો પ્રશ્ન નાગરીકોને સતાવી રહ્યો હોવા છતા તંત્ર દ્વારા કોઈ પગલા લેવામાં આવતા નહતા. આ સમસ્યા અંગે યોગ્ય કરવા જયોતિ મહિલા મંડળના પ્રમુખ ડો. ચેતના બુચ, નીરૂબેન નાયક, કોકિલાબેન નાયક, પૂર્વ પ્રમુખ લત્તાબેન ચોકસી, હર્ષાબા ધાંધલ,સહિતના અગ્રણી મહિલાઓએ મનપાના કમિશનર ડી.એન.મોદી અને મેયર પ્રવિણભાઈ પટેલને લેખિત રજુઆત કરી હતી. આ રજુઆતને ગંભીરતાથી લઈ સવારથી જ તંત્ર હરકતમાં આવી ગયું હતું. તંત્રએ સેકટર-૨૧ શાકમાર્કેટ તેમજ આસપાસના વિસ્તારમાં ટીમ કામે લગાડી દીધી હતી. અને કચરાના ઢગ દુર કરવા અધિકારીઓએ સુચના આપતા જ બપોર સુધીમાં શાકમાર્કેટ તેમજ આસપાસનો વિસ્તાર ચોખ્ખો ચણાક થઈ ગયો હતો.



## @ગાંધીનગર

● જલારામ મહિલા મંડળ દ્વારા વેશભુષા, મહેંદી, શણગાર, આરતી જેવી વિવિધ સ્પર્ધા જલારામ મંદિર, સે-૨૯ ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

● પંચદેવ મંદિર સે-૨૨ ખાતે સવારે ૧૨ કલાકે ગાંધીનગર જિલ્લાના આશા અને ફેસીલીટર બહેનો ઉપસ્થિત રહેશે.

## વાતવાતમાં

● ગાંધીનગરના નવા સચિવાલય ખાતે મોડાસાના યુવાને ઝેર પીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. તેને સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અપાઈ રહી હતી. હાલ આ યુવાનની તબિયત સુધારા પર હોવાનું જાણવા મળ્યું છે.

● ગાંધીનગર નજીકના વડસર ખાતેના એરફોર્સ સ્ટેશને આગામી રવિવારે પૂર્વ એરફોર્સ કર્મીઓ માટે મેગા જોબફેરનું આયોજન કરવામાં આવ્યું છે. આ જોબફેરમાં તમામ ક્ષેત્રની દેશભરની નામાંકિત કંપનીઓ આવશે અને એકસ-એરફોર્સ સર્વિસમેન માટે વિવિધ જોબની ઓફર કરશે.

● ગાંધી આશ્રમથી ગાંધીનગર સુધીની ખેડૂતો દ્વારા આયોજિત પદયાત્રામાં અલ્પેશ ઠાકોર જોડાશે તેવા સમાચારે ભારે ઉત્તેજના જગાવી હતી. આ સમાચારના પગલે શહેરમાં પોલિસનો લોખંડી બંદોબસ્ત જોવા મળ્યો હતો.

## સાહિત્ય સભાની બેઠક રવિવારે યોજાશે

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા મા ગુર્જરીના ગરવા અને પનોતા સાહિત્યને હરપળ ધબકતું અને ધડકતું રાખીને સાહિત્યક કાર્યક્રમો યોજવામાં આવે છે. દર માસના બીજા રવિવારે સાહિત્ય સભા ભરવામાં આવે છે. આ માસની સાહિત્ય સભા બીજા રવિવારે તા. ૯મી જુલાઈના સાંજે પાંચ વાગે, નમન એપાર્ટમેન્ટ, સે-૨૧, ગાંધીનગર ખાતે પ્રમુખ નટવરભાઈ હેડાઉ 'વનવિહારી'ના અધ્યક્ષસ્થાને અને પુર્વ પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાશે. જેમાં સાહિત્યકારો સ્વરચિત મૌલિક કૃતિઓ ગીત-ગઝલ કાવ્ય 'વર્ષારાણીની વધામણી' રજુ કરશે. સાહિત્ય રસિકોને સાહિત્યસભામાં હાજર રહેવા પ્રવકતાશ્રી મુળજીભાઈ પરમાર 'દધિ'એ જણાવેલ છે.

# વોર્ડ નં-૭ની તમામ સ્ટ્રીટ લાઈટો બંધ કોર્પોરેટરો ઉગ્ર આંદોલનના મુડમાં

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ નં-૭ માં સમાવેશ થયેલ સેકટર-૩, ૬ અને ૫ માં છેલ્લા ઘણા સમયથી સ્ટ્રીટ લાઈટો બંધ હાલતમાં છે. વોર્ડ નં-૭ માં સાંજ ઢળતા જ અંધકારમાં ગરકાવ થઈ જાય છે. ચોમાસાની સિઝનને પગલે વસાહતીઓને ઝેરી જીવજંતુઓ તેમજ ચોરીનો ભય સતાવી રહ્યો છે. જયારે સેકટરોમાં અંધારાનો લાભ લઈને અસામાજીક દુષણો પણ પ્રાંગરી રહ્યા છે. વસાહતીઓ દ્વારા તંત્રના કમ્પલેઈન નંબર પર સંપર્ક કરતા મોટાભાગે નંબર બંધ આવે છે. જેથી વસાહતીઓનો જાયે તો જાયે કહા જેવો ઘાટ સર્જાય છે. તંત્રને અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો કરવા છતા તંત્રના બહેરા કાને વસાહતીઓની રજુઆત સંભળાતી નથી. વોર્ડની લાઈટો તાત્કાલીક ધોરણે શરુ નહીં કરવામાં આવે તો વોર્ડ નં- ૭ના કોર્પોરેટરો વસાહતીઓને સાથે રાખી ઉગ્ર આંદોલનની ચિમકી ઉચ્ચારી છે.

ગાંધીનગર શહેર રાત્રીના સમયે પણ ઝગમગતું રહે તે માટે સ્ટ્રીટલાઈટો ફીટ કરવામાં આવી છે. નગરના મુખ્યમાર્ગો અને સેકટરના આંતરીક માર્ગો તેમજ રહેણાંક વિસ્તાર સહિતના સ્થળોએ તંત્ર દ્વારા વિજપોલ ઉભા કર્યા છે. શહેરમાં અંદાજીત ૧૫૦૦૦ જેટલા વિજપોલ આવેલા છે જેના અજવાળાથી શહેર રાત્રીના સમયે પણ ખીલી ઉઠે છે. શહેરમાં રાત્રીના સમયે લાઈટ હોવાથી બાળકો ઘરની બહાર શાંતિથી વિવિધ રમતો રમી શકે છે. તેમજ નાગરીકોને ચોરીનો ભય સતાવતો નથી, બહેન-દિકરીઓ શાંતિતી આવન જાવન કરી શકે છે. પરંતુ શહેરના વિવિધ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી સ્ટ્રીટ લાઈટની સમસ્યા ઘેરી બનતી જાય છે. ત્યારે મહાનગર પાલિકાના વોર્ડ નં-૭ માં સમાવેશ સેકટર-૩, ૫ અને ૬માં ઘણા સમયથી સ્ટ્રીટલાઈટો ડુલ છે. જેને પગલે વસાહતીઓને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. જેમાં ચોમાસાની સિઝન ચાલી રહી છે, રાત્રીના સમયે કોઈ ઝેરી જીવજંતુ કરડે તેમજ ચોરીનો ભય નાગરીકોને સતાવી રહ્યો છે. તો બીજી તરફ લાઈટો બંધ હોવાથી અસામાજીક પ્રવૃતિઓ પણ પ્રાંગરી રહી છે. બહેન-દિકરીઓ રાત્રીના સમયે શોંપિગ સેન્ટર સુધી પણ લાઈટ ન હોવાથી જઈ શકતી નથી. જયારે ચોમાસાના ભરાઈ રહેલા પાણીમાં પડતા નાગરીકોને નાનીમોટી ઈજાઓ પણ પહોંચી હોવાના કિસ્સા સામે આવ્યા છે. વસાહતીઓ દ્વારા લાઈટ બંધ અંગે ફોન કરવામાં આવે તો યોગ્ય જવાબ મળતો નથી. જેથી વોર્ડ નં - ૭ ના રહીશોની આ સમસ્યાનો યોગ્ય સમયમાં ઉકેલ નહીં આવે તો વસાહતીઓને સાથે રાખીને કોર્પોરેટર જયરાજસિંહ વાઘેલા, રાકેશભાઈ પટેલ, હિરલબેન જોષી, ઉર્મિલાબેન વર્મા ઉગ્ર આંદોલન કરશે.

# "એક કા ડબલ" કરી આપવાની સ્કિમ આપી રૂ.૧.૧૧ કરોડનું ફુલેકુ..!!

**સે-૨માં રહેતા દંપતીએ અમદાવાદમાં ફાયનાન્સ પેઢી ખોલી કરોડોનો ચુનો લગાવ્યો : પાટનગરનાં ૧૨ વ્યક્તિઓનાં રૂ.૧.૧૧ કરોડ ડુબ્યા : પોલીસ ફરિયાદ**

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરના સે-૨ ખાતે રહેતા એક દંપતીએ અમદાવાદ સિવિલ હોસ્પિટલ નજીક એક ફાયનાન્સ પેઢી ખોલીને એક કા ડબલ કરી આપવાની સ્કીમ આપીને કરોડો રૂપિયાની છેતરપીંડી આચરી હોવાનુ મોટુ સ્કેમ બહાર આવ્યુ હતુ. અમદાવાદનાં ગ્રાહકોને કરોડોમાં સુવડાવી દેનાર આ દંપતીએ પાટનગરનાં ૧૨ વ્યક્તિઓને પણ રૂ.૧.૧૧ કરોડ માં નવડાવી દીધા હોવાનુ ધ્યાને આવ્યુ છે. ગાંધીનગરનાં ભોગ બનેલા ૧૨ વ્યકિતઓએ આ મામલે સે-૭ પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ કરી છે. મળતી માહિતી મુજબ આરોપી પતિ-પત્ની પૈકી પતિ હાલ જેલમાં છે જ્યારે પત્ની ફરાર છે.

શહેરનાં સે-૨ ડી પ્લોટ નં.૧૦૪૬ ખાતે રહેતા રમેશ સોમચંદ્ર મોરલ અને તેની પત્ની રમિલા મોરાલે મળીને વર્ષ-૨૦૧૦ માં અમદાવાદ સિવિલ હોસ્પિટલ પાછળ નાકોડા એપાર્ટમેન્ટમાં રાજ મોરાલ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ફાયનાન્સ નામની પેઢી ખોલી હતી. સાડા પાંચ વર્ષમાં તમે આપેલા રૂપિયા ડબલ કરીને આપવાની લોભામણી સ્કિમ તેમને મુકી ગ્રાહકોને લલચાવ્યા હતા. અમદાવાદનાં અનેક ગ્રાહકોએ કરોડો રૂપિયા ડબલ કરાવવા આ પેઢીમાં ઈન્વેસ્ટ કર્યા અને તાજેતરમાં ફેબ્રુઆરી માસમાં આ પેઢીને તાળા વાગી ગયા ને કરોડોનું ફુલેકુ ફેરવી દંપતી ફરાર થઈ ગયા હતા. આ મામલે અમદાવાદનાં પોલીસ સ્ટેશનોમાં ભોગ બનનાર ગ્રાહકોએ ફરિયાદ નોંધાવી હતી. ગાંધીનગરના આ દંપતીએ નજીકનાં સંબંધીઓ તથા આસપાસમાં રહેતા પડોશીઓને પણ આ સ્કિમ સમજાવીને રૂપિયા ઉઘરાવ્યા હતા. ગાંધીનગરનાં ૧૨ જુદી જુદી વ્યક્તિઓએ આ દંપતીનો વિશ્વાસ કરી અલગ અલગ સમયે તબક્કાવાર કુલ ૧,૧૦,૯૯,૦૦૦ રૂપિયા ઈન્વેસ્ટ કર્યા હતા. ગાંધીનગરના આ ૧૨ વ્યક્તિઓનાં રૂ.૧.૧૧ કરોડ પણ દંપતીએ ચાઉ કરી લીધા છે અને મુદત પુરી થયા બાદ ડબલ રૂપિયાની ઉઘરાણી કરી તો 'અત્યારે તકલીફમાં છું...જમીન વેચાય પછી આપી દઈશુ...' તેવા બહાના કાઢી વાયદાઓ આપ્યા હતા. આખરે અમદાવાદમાં મોટા સ્કેમનાં સમાચારો છપાતા ગાંધીનગરનાં આ ઈન્વેસ્ટર્સ આખરે સે-૭ પોલીસ મથકે પહોંચ્યા હતા. સે-૩ સી પ્લોટ નં.૫૯૯/૧ ખાતે રહેતા નિવૃત કર્મચારી જીવણભાઈ ધુળાભાઈ પરમારે નોંધાવેલી ફરિયાદ મુજબ તેમના તથા તમના પત્ની, પુત્ર અને પુત્રવધુનાં રૂ.૨૮ લાખ તથા અન્ય આઠ વ્યક્તિઓના મળીને કુલ રૂ.૧.૧૧ કરોડની છેતરપીંડી આ શખ્સો દ્વારા આચરવામાં આવી છે. પી.એસ.આઈ એસ.ડી.ચૌધરીએ ગુનાની વધુ તપાસ શરુ કરી છે.

## સંત રોહિદાસ સેવા સમાજના ઉપક્રમે ગુરુ વંદનાનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૭

સંતશ્રી રોહિદાસ સેવા સમાજ (ગુજરાત), ગાંધીનગરના ઉપક્રમે ગુરુ પૂર્ણિમાના દિવસે 'ગુરુ વંદના'નો કાર્યક્રમ આગામી તા. ૯-૭-૨૦૧૭ રવિવારના રોજ મંદિર પરિસરમાં સવારે ૧૦ કલાકે રાખવામાં આવેલ છે અને મહાપ્રસાદના આયોજન સાથે ગુરુ પૂર્ણિમાની ભવ્ય ઉજવણી કરવામાં આવશે તેમ સંસ્થાના પ્રમુખ કાનજીભાઈ વી. પરમારે અખબારી યાદીમાં જણાવ્યું છે અને મહાપ્રસાદ સ્વ. શ્રી મૂલચંદભાઈ એ. પરમાર સરગાસણ દ્વારા કરવામાં આવેલ છે. તો આ પ્રસંગે સમાજના સૌ ભાઈ-બહેનોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે.

## સુંદરધામ ખાતે હરિદ્વાર યાત્રાની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૭

સુંદરધામ પરિવાર દ્વારા દર વર્ષે યોજાનાર હરિદ્વાર કથા યાત્રાનું આયોજન શ્રાવણ મહિનામાં તા. ૧૨-૮-૨૦૧૭ના રોજ થયું છે. જેની માહિતી માટેની મિટીંગ તા. ૯-૭-૨૦૧૭ રવિવાર-ગુરુપૂર્ણિમાના દિવસે બપોરે ૨ થી ૪ કલાક દરમિયાન 'સુંદરધામ' શ્રી હનુમાનજી મંદિર- ગાંધીનગર-માણસા હાઈવે, રેલવે ફાટક પાસે, રાંધેજા-ગાંધીનગર ખાતે યોજાશે. તો યાત્રામાં નામ નોંધાવનાર તમામ યાત્રિકોને હાજર રહેવા જણાવવામાં આવે છે. વધુ વિગત માટે મો. ૮૧૪૧૨૧૭૦૫૦, ૯૩૭૪૧૭૭૧૮૪, ૯૩૭૪૧૭૭૧૮૪ પર સંપર્ક કરવા જણાવાયું છે.

## આઈ લવ માય ગાંધીનગર



**તુષાર દવે**
પ્રમુખ, સંસ્કાર ગૃપ

**ગાંધીનગર ગમે**

વિશ્વને આકર્ષતી સુંદરતા, આધ્યાત્મિકતા અને શિક્ષણ ઉપરાંત કલા, સેવા અને સંસ્કૃતિની અનેક પ્રવૃત્તિઓને કારણે ગાંધીનગર શહેર ગમે છે.

**નગરજનો**

દુનિયાના કોઈ ખૂણે ના જોવા મળે એવા અનોખા સેવાભાવી નગરજનો અહીં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

કડી સર્વ વિશ્વવિદ્યાલય, આર્ષ-અક્ષરધામ, જુનિયર સિટિઝન કાઉન્સિલ, ગાંધીનગર સાહિત્ય સભા, ગીર ફાઉન્ડેશન, જી ઈ ક્લબ, ગ્રો ફાઉન્ડેશન અને રેડક્રોસ જેવી સંસ્થાની પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

પર્યાવરણ સંરક્ષણ અને સંવર્ધન બાબતે હજુ સટિક કામ થાય એવી અપેક્ષા છે.

**નગર માટે હું કરી શકું**

પર્યાવરણ સંરક્ષણ અને સંવર્ધન તથા બાળકવિકાસ માટે મારી સઘળા પ્રકારની સેવાઓ આપવા હું તૈયાર છું.

## સે-૩-એ ન્યુમાં સાંજે યોગ કલાસનો પ્રારંભ

ગાંધીનગર, તા.૭

શહેરના સેકટર-૩-એ ન્યુના બગીચામાં છેલ્લા ત્રણ વર્ષથી યોગની નિઃશુલ્ક તાલીમ આપવામાં આવી રહી છે. આજના જમાનામાં લોકો જંક ફુડ આરોગતા હોય છે અને અનેક બિમારીથી પીડાતા હોય છે ત્યારે સે-૩-એ- ન્યુના બગીચામાં ગુરુ પૂર્ણિમાના પાવન દિવસથી સાંજના ૪.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયા યોગ કલાનો પ્રારંભ થશે.

જેમાં બાબા રામદેવની નિશ્રામાં તાલીમ પામલા યોગ ગુરુ આર.આઈ. પંડયા યોગ, પ્રાણાયામ, આસનોની તાલીમ વિના મુલ્યે સવારે ૬ થી ૭ તો આપી જ રહ્યા છે પણ હવેથી સાંજે પણ નિયમિત કલાસ શરુ થશે. જેમાં દવા લીધા વગર સો વર્ષનું આયુષ્ય, નિરોગી રહેવાના નિયમો-યોગ વગેરે વિના મુલ્યે શિખવવામાં આવશે. તો આ નિઃશુલ્ક યોગ કલાસમાં જોડાવા માટે આર.આઈ. પંડયાએ નગરજનોને અનુરોધ કર્યો છે.

## વનખાતાના વિસ્તારમાં ગંદકીનું સામ્રાજય કોણ હટાવે તે યક્ષ પ્રશ્ન!

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરમાં સેકટરોના ચારે બાજુના છેડાઓ પર વનખાતાએ ફેન્સીંગ કરીને વૃક્ષો વાવેલ છે અથવા વાવનાર હશે. ફેન્સીંગ કરેલ જગ્યાએ માનવ વસ્તીની અવર જવર થતી નથી જયાં વૃક્ષોના પાંદડા તથા અન્ય ગંદકીના થર પથરાયેલા છે જે છેલ્લા કેટલાય સમયથી યથાવત છે. આ ગંદકી કોણ દૂર કરશે તે સમજ પડતી નથી.

પાટનગર યોજના, મનપા કે વન ખાતાને હસ્તક આ વિસ્તાર છે. ગંદકી હટાવવા માટે એક બીજાને ખો આપવામાં આવે છે. પરિણામે ચોમાસામાં આ ગંદકીથી મચ્છરો, જીવાતો તથા દુર્ગંધ ફેલાય છે. ઝેરી સર્પો પણ નીકળતા હોય છે. તો કોઈ એક ખાતુ આ સ્વચ્છતા કરે તેવી પ્રજાની લાગણી છે.

# જેનેરિક દવાઓ અંગે ફાર્મસી કોલેજમાં માર્ગદર્શન સેમિનાર યોજાયો

**બે દિવસીય સેમિનાર દરમિયાન, ફાર્મા સ્કેબલ, એડમેકિંગ તથા વકતૃત્વ જેવી વિવિધ સ્પર્ધાઓ યોજાઈ**






ગાંધીનગર, તા.૭

ગાંધીનગરના સેકટર-૨૩માં કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન કે.બી. ઈન્સ્ટિટયુટ ઓફ ફાર્માસ્યુટિકલ એજયુકેશન એન્ડ રિસર્ચ દ્વારા જેનેરિક દવાઓ અંગે માર્ગદર્શન સેમિનારનું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું હતું. બે દિવસીય સેમિનારમાં ફાર્માસ્કેબલ, વકતૃત્વ સ્પર્ધા તથા એડ મેકિંગ જેવી સ્પર્ધાઓ પણ યોજવામાં આવી હતી.

સમગ્ર સેમિનારનું આયોજન કોલેજના આઈએપીઓઆર સ્ટુડન્ટ ચેપ્ટર દ્વારા સુપેરે સંભાળવામાં આવ્યું હતું. સેમિનારના સમાપન પ્રસંગે ગાંધીનગરના ફુડ એન્ડ ડ્રગ કન્ટ્રોલ એડમીનીસ્ટ્રેશનના સિનિયર ડ્રગ ઈન્સ્પેકટર ડૉ. મનોજ ગઢવી મુખ્ય અતિથિ પદે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના અનુભવો અને વિચારો થકી વિદ્યાર્થીઓનું માર્ગદર્શન કર્યુ હતું. સેમિનાર દરમિયાન યોજાયેલ સ્પર્ધાઓમાં ૮૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જયારે સેમિનારમાં કોલેજના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમમાં કોલેજના આચાર્ય શ્રીકલ્પ દેશપાંડે તથા અન્ય પ્રાધ્યાપકોના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ દ્વારા સફળતાપૂર્વક સંચાલિત કરવામાં આવ્યો હતો.

# જિલ્લામાં ૧૦થી ૧૫ જુલાઈ દરમિયાન બાળ ફિલ્મોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૭

સમગ્ર રાજય સહિત ગાંધીનગર જિલ્લામાં તા. ૧૦થી ૧૫ મી જુલાઈ, ૨૦૧૭ દરમ્યાન બાળ ફિલ્મોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ બાળ ફિલ્મોત્સવમાં ગાંધીનગર જિલ્લાની વિવિધ સરકારી પ્રાથમિક શાળાના ધોરણ- ૬ થી ૮માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને જિલ્લાની મલ્ટીપ્લેક્ષ સિનેમાઓમાં ફિલ્મ બતાવવામાં આવશે. આ ફિલ્મોત્સવ અંતર્ગત અંદાજે ગાંધીનગર જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાના અંદાજે ૧૩ હજારથી વધુ બાળકો ફિલ્મ બતાવવામાં આવશે.

સમગ્ર ગુજરાતમાં સરકાર દ્વારા રાજયની વિવિધ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં ધોરણ-૬ થી ૮માં અભ્યાસ કરતા બાળકો માટે રાજયભરમાં બાળ ફિલ્મોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. બાળ ફિલ્મોત્સવનો લાભ જિલ્લાના વિદ્યાર્થીઓને મળી રહે તે માટે જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલના અધ્યક્ષ સ્થાને એક કમિટીની રચના કરવામાં આવી છે.આ કમિટી દ્વારા વધુમાં વધુ જિલ્લાના ધોરણ- ૬ થી ૮ ના બાળકોને આ ફિલ્મોત્સવનો લાભ મળે તે માટે સુચારું આયોજન કરવામાં આવ્યું છે.

બાળ ફિલ્મોત્સવ દરમ્યાન બાળકોને ઈકબાલ, ચિલ્લર પાર્ટી, સ્ટેનલી કા ડબ્બા, આઈ.એમ.કલામ, ફેરારી કી સવારી, જલપરી- ધ ડેસર્ટ મરમેઈડ, હવા હવાઈ, ધનક અને મીશન મમ્મી ( ગુજરાતી) ફિલ્મ બતાવવાની નક્કી કરવામાં આવી છે. આ ફિલ્મો બાળકો માટે પ્રેરણા અને પ્રોત્સાહિત કરનારા હશે. તેમજ બાળકોને અક્ષયપાત્ર દ્વારા બિસ્કીટ આપવામાં આવશે. આ ફિલ્મો ગાંધીનગરની પ્રસિધ્ધ એવી આર વર્લ્ડ-૧૬ અને ૨૧, સીટી પ્લસ, બાલાજી અગોરા મોલ, પીવીઆર સિનેમેકસ અને મુવીપ્લેકસ સિનેમાગૃહોમાં બાળકોને બતાવવામાં આવશે.

## ચિરવિદાય

● સ્વ. વાઘેલા આનંદબા અર્જુનસિંહ, ઉ.વ. ૫૭